ગાર્ડન વિભાગ - મહાનગરપાલિકા ભાવનગર

ગા.જા.નં. ૩૯૧ /તા. ૨૩/૦૫/૨૦૨૩

ગાર્ડન સુપ્રિ.શ્રીની કચેરી
સરદારબાગ (પીલગાર્ડન)
ગાર્ડન વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર
તા. ૨૩/૦૫/૨૦૨૩

# :- દફતરી હુકમ :-

વિષય :- (૧) ગાર્ડન વિભાગની જરૂરિયાત મુજબ વિવિધ પ્રકારના બાંકડા સૂચવેલ સ્થળે ફીટ કરી આપવાના ત્રિ વાર્ષિક (૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪ સુધી) કામ તથા (૨) ગાર્ડન વિભાગની જરૂરીયાત મુજબ વિવિધ પ્રકારના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્થળે ફીટ કરી આપવાના ત્રિ-વાર્ષિક (૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪ સુધી) કામ ન કરતા એજન્સીશ્રી યોગેન્દ્ર ડી. ડોડીયાને કાળીયાદી (બ્લેકલીસ્ટ) માં મુકવા બાબત.

સંદર્ભ :-(૧) સ્ટે.ક.ઠ.નં. ૭૦૩ તા. ૧૫/૦૨/૨૦૨૨
(૨) સ્ટે.ક.ઠ.નં. ૭૦૪ તા. ૧૫/૦૨/૨૦૨૨
(૩) સેક્રે.એગ્રી.આ.નં. ૨૯૭ તા. ૧૫/૦૩/૨૦૨૨
(૪) સેક્રે.એગ્રી.આ.નં. ૨૯૬ તા. ૧૫/૦૩/૨૦૨૨
(૫) ગા.જા.નં. ૧૯૪૧ તા.૧૦/૦૨/૨૦૨૩
(૬) ગા.જા.નં. ૨૦૮૫ તા.૦૭/૦૩/૨૦૨૩
(૭) ગા.જા.નં. ૨૧૨૬ તા.૧૪/૦૩/૨૦૨૩
(૮) ગા.જા.નં. ૯૧ તા. ૧૭/૦૪/૨૦૨૩
(૯) ગાર્ડન કચેરી કમિશનરશ્રી મંજુરી નંબર ૪૦ તા. ૨૨/૦૫/૨૦૨૩

ભાવનગર મહાનગરપાલિકાના ગાર્ડન વિભાગ હસ્તકના ઉક્ત વિષયેના કામ અંગે એજન્સીશ્રી યોગેન્દ્ર ડી. ડોડીયા પાસેથી ટેન્ડર સંદર્ભ (૧) તથા (૨) થી વર્ષ ૨૦૨૧-૨૦૨૨,૨૦૨૨-૨૦૨૩,૨૦૨૩-૨૦૨૪ દરમિયાન કામ કરાવવા મંજૂરી મળેલ હતી. સંદર્ભ (૩) તથા (૪) થી એજન્સી દ્વારા બંને કામના એગ્રીમેન્ટ (કરાર) કરી આપવામાં આવેલ છે.

ઉપરોક્ત વિષયના કામ અંગે માન.નગરસેવકશ્રીઓ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી સંદર્ભીત (૫) થી (૬) સુધીના પત્રોથી પ્રિકાસ્ટ કોન્ક્રીટ રેઇનફોર્સ્ડ ગાર્ડન બાકડા મુકવાના કામોના વર્કઓર્ડર આપવામાં આવેલ હતા. જે કામો સમય મર્યાદામાં પૂર્ણ કરવાના હોય છે. સંદર્ભદર્શિત પત્રો (૭) તથા (૮) થી કામગીરી કરવા માટે એજન્સીને નોટીસ આપી કામ કરવા જણાવેલ તથા ઘણી વખત રૂબરૂ બોલાવી તથા મૌખિક સૂચનાઓ દ્વારા કામ કરવા અંગે સુચના આપેલ પરંતુ તેઓ દ્વારા સમય મર્યાદા પૂર્ણ થયાને ખુબ લાંબો સમય વીત્યા બાદ પણ કામગીરી શરૂ કરવામાં આવેલ ન હતી. સંદર્ભીત પત્રો અને નોટીસ દ્વારા એજન્સીને કામગીરી કરવા માટે જણાવેલ અને એજન્સી પાસે ઉક્ત બાબતે ખુલાસો પણ માંગેલ અને એજન્સીને કામગીરી સત્વરે ચાલુ ન કરે તો ડીપોઝીટ જપ્ત કરી બ્લેકલીસ્ટ કરવાની સુચના પણ આપેલ હતી પરંતુ એજન્સી દ્વારા તમામ પત્રો તથા નોટીસ તથા અત્રેના ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી દ્વારા આપેલ સૂચનોને નજર અંદાજ કરી કામગીરી અંગે કોઈ ગંભીરતા લીધેલ નથી અને ઉક્ત બાબતે કોઈ ખુલાસો આપેલ નથી. જે અતિ ગંભીર બાબત છે. તથા સંદર્ભ (૭) તથા (૮) થી આ કામ અંગે નોટિસ આપી આ કામો તાત્કાલિક પૂર્ણ કરવા જણાવવામાં આવેલ. જે કામ આજદિન સુધી તેઓ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ નથી તથા તે અંગે કોઈ લેખિત ખુલાસો કરવામાં આવેલ નથી તેમ જ તેઓને આ ઉપરાંત નીચેની વિગતે અન્ય કામો માટે પણ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે જે કામ પણ તેઓ દ્વારા સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવેલ નથી.



કોમ્પ્યુટર વિભાગ
ઇનવર્ડ નંબર 470
તા. 25-5-23

(૧) ગા.જા.નં. ૧૯૦૬ તા.૦૪/૦૨/૨૦૨૩

(૨) ગા.જા.નં. ૨૦૮૩ તા.૦૬/૦૩/૨૦૨૩

(૩) ગા.જા.નં. ૨૧૨૫ તા.૧૪/૦૩/૨૦૨૩

(૪) ગા.જા.નં. ૨૧૯૩ તા.૨૧/૦૩/૨૦૨૩

(૫) ગા.જા.નં. ૨૧૯૭ તા.૨૧/૦૩/૨૦૨૩

(૬) ગા.જા.નં. ૨૨૦૧ તા.૨૩/૦૩/૨૦૨૩

(૭) ગા.જા.નં. ૨૦૪૪ તા.૦૨/૦૩/૨૦૨૩

(૮) ગા.જા.નં. ૨૦૪૬ તા.૦૨/૦૩/૨૦૨૩

(૯) ગા.જા.નં. ૨૦૪૭ તા.૦૨/૦૩/૨૦૨૩

(૧૦) ગા.જા.નં. ૨૧૯૯ તા.૨૩/૦૩/૨૦૨૩

આમ ઉપરોક્ત વિગતે ક્રમ નં. ૧ થી ૬ માં સૂચવેલ કામો સમયમર્યાદામાં પૂર્ણ કરેલ નથી તથા ક્રમ નં. ૭ થી ૧૦ માં સૂચવેલ કામો પૂર્ણ કરવામાં આવેલ નથી. જેથી એજન્સીશ્રી યોગેન્દ્ર ડી. ડોડીયાએ સમય મર્યાદામાં વિવિધ સૂચવેલ કામો કરેલ ન હોય એગ્રીમેન્ટની શરત નં. (૧૯) મુજબ એજન્સીની ડીપોઝીટ ફોરફીટ કરવા તથા સંદર્ભ (૯) થી મળેલ મંજુરી મુજબ એજન્સીશ્રી યોગેન્દ્ર ડી. ડોડીયાને મંજુરી મળ્યા તારીખ ૨૨/૦૫/૨૦૨૩ થી ૧ (એક) વર્ષ ( તા. ૨૧/૦૫/૨૦૨૪ સુધી) માટે કાળીયાદી (બ્લેકલીસ્ટ) માં મુકવા તેમજ ભવિષ્યમાં ૧ વર્ષ ( તા. ૨૧/૦૫/૨૦૨૪ ) સુધી આ એજન્સીના ટેન્ડરો ધ્યાનમાં ન લેવા હુકમ કરવામાં આવે છે.

"નોંધ પર માન.કમિશનરશ્રીની આજ્ઞાનુસાર"

ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ
ગાર્ડન વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર.

નકલ રવાના :-

(૧) કોન્ટ્રાકટર શ્રી યોગેન્દ્ર ડી. ડોડીયા

(૨) ડેપ્યુટી કમિશનરશ્રી એડમીન (મહેકમ) વિભાગ

(૩) ડેપ્યુટી કમિશનરશ્રી જનરલ મહાનગરપાલિકા ભાવનગર

(૪) ડેપ્યુટી કમિશનરશ્રી આસિસ્ટન્ટ મહાનગરપાલિકા ભાવનગર

(૫) સીટી. એન્જી.શ્રી

(૬) ઓડીટ વિભાગ

(૭) એકાઉન્ટ વિભાગ

(૮) EDP વિભાગ

(૯) સંબંધિત તમામ વિભાગો, મહાનગરપાલિકા ભાવનગર

(૧૦) R. & B. (સ્ટેટ) પાનવાડી ભાવનગર જાણસારૂ

(૧૧) R. & B. (પંચાયત) જીલ્લા પંચાયત ભાવનગર જાણસારૂ

(૧૨) GWSSB ભાવનગર જાણસારૂ

D:\GARDEN 2023-2024\નગરસેવક\કોન્ટ્રાક્ટરને બ્લેકલીસ્ટ કરવા બાબત\દફતરી હુકમ.docx